RESEARCH REVIEW JOURNALS Volume-04 Issue-06 June-2019
ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com[UGC Listed Journal]

# ગાંધીવાદ અને માર્ક્સવાદની તુલના

ચૌધરી આશા
સંશોધક (પીએચ.ડી.), તત્ત્વજ્ઞાન વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

પ્રસ્તુત શોધલેખમાં ગાંધીના ચિંતન અને માર્ક્સના ચિંતનને સામાજિક તેમ જ રાજકીય દૃષ્ટિબિંદુથી મૂલવવાનો પ્રયત્ન થયો છે. તે બંનેના ચિંતનમાં સમાન રૂપે રહેલ માનવતાવાદ દૃષ્ટિગોચર થાય છે. પરંતુ સાથે અધ્યાત્મની બાબતમાં મૂળભૂત ભેદ પણ વર્તાય છે. તેની સમજૂતી આપી, બંનેના ચિંતનની તુલના કરવાનો પ્રયત્ન આ લેખમાં કરવામાં આવ્યો છે.

ગાંધીવાદ અને માર્કસવાદ બંને ગરીબો અને વંચિતોના કલ્યાણ પ્રત્યે માતૃપ્રેમની તીવ્રતા સાથે ધ્યાન આપે છે. છતાં ઘણીવાર એવું બને છે કે તાત્કાલિક પરિણામો મેળવવાનો મોહ કાચી બુધ્ધિની પ્રેમાણ માતાને વિવેકબુધ્ધિ વગરના ગૂંચવાડાઓમાં સંડોવે છે – જે ગૂંચવાડા બાળક ઉપર લાગુ પાડવામાં આવતી પદ્ધતિઓનાં દૂરગામી પરિણામોથી બાળકને વંચિત રાખે છે. માર્કસવાદની સાથે આ પ્રમાણે બનેલું છે. માતૃપ્રેમની તીવ્ર દૃષ્ટિ જ બાળકની સમસ્યાઓનો ઉકેલ નથી લાવતી. એ દૃષ્ટિ અનિવાર્ય છે કારણ કે ઉકેલ શોધવાની ઉત્કટતાનો એ નિર્દેશ કરે છે. પરંતુ ઉકેલ લાવવા માટે તો નિષ્ણાત માતૃબુધ્ધિની સૂઝ-સમજ અને કુનેહની જરૂર પડે છે.

ગાંધીજી "કોમ્યુનિસ્ટ માઈનસ વાયોલન્સ" (હિંસા રહિત સામ્યવાદી) હતા એમ અવારનવાર કહેવામાં આવે છે. આ કથનના સમર્થનમાં ગાંધીજીના પોતાના શબ્દોને પણ ટાંકી શકાય. જેમ કે ગાંધીજી તેમના સામ્યવાદી અને સમાદવાદી મિત્રો સાથેની ચર્ચા દરમિયાન અવારનવાર એવો દાવો કરતા કે તેઓ તેમના એ મિત્રો કરતાં વધારે સારા સામ્યવાદી કે સમાજવાદી છે. સામ્યવાદીઓનું અને તેમનું ધ્યેય એક સમાન છે. જો કે ઉપયોગમાં લેવામાં આવતાં સાધનો અને ટેકનીકો સંબંધિત તફાવત મૂળભૂત અને પાયાનો છે. ("ગાંધીજી કોમ્યુનિઝમ" – બાય પ્યારેલાલ - ઈન "હરિજન" ૩૧-૩-૪૬) તદ્દુપરાંત "હું મને પોતાને સામ્યવાદી પણ કહું છું." ("આફટર ફોર ઈયર્સ" બાય પ્યારેલાલ "હરિજન" ૪-૮-૪૬)

જ્યારે એમ કહેવામાં આવે છે કે "ગાંધીવાદ હિંસા રહિત સામ્યવાદ છે" ત્યારે છાપ એવી પડે છે (અસર એવી જન્મે છે) કે સામ્યવાદમાં હિંસાનું જે ઘટક તત્ત્વ છે તે એવી નાની અશુધ્ધિ છે કે જેને દૂર કરવાથી સામ્યવાદ ગાંધીવાદ જેવો બની જશે. સામ્યવાદના સંદર્ભમાં ગાંધીવાદની વસ્તુસ્થિતિ એ પ્રમાણેની હોય અને એ પ્રકારનું સમીકરણ રચવાનું શક્ય હોય તો પણ અહિંસાનું ઘટક ઘણું વધારે મૂલ્ય ધરાવતું મુખ્ય ઘટક છે. 'હિંસાની બાદબાકી' નો સૂચિત અર્થ એટલો બધો મોટો, મુખ્ય અને મહત્ત્વનો છે કે એવા સમીકરણને 'લાલ રંગ એટલે લીલામાંથી પીળા અને વાદળીની બાદબાકી' અને 'કીટક એટલે સાપમાંથી ઝેરની બાદબાકી' જેવાં સમીકરણો જેવું જ ભ્રામક બનાવે છે.

આ પ્રકારના સરળ ખુલાસા આપવાનું પ્રલોભન એવી અસ્પષ્ટ જાણકારીમાંથી ઉદ્દ્ભવે છે કે સામ્યવાદે (કે સમાજવાદે) લોકોની કલ્પના શક્તિનો કબજો લીધો છે અને જગતનાં અનિષ્ટોને દૂર કરવા માટેના સાચા ઉકેલો મેળવવા, લોકો તેમની તરફ મીટ માંડીને જોઈ રહ્યા છે. પરંતુ એની પદ્ધતિઓ અતિશય આકરી અને ભયાનક છે તેથી એ કારણસર પણ ગાંધીવાદનું માર્કસવાદના સંદર્ભમાં અર્થઘટન કરવું જોઈએ. છેવટે કદાચ સમાજવાદનો પ્રસ્તાવ જ ઈચ્છવાયોગ્ય છે છતાં તેણે પણ ઝડપથી સ્થાન ન લેવું જોઈએ એવા અપ્રગટ આશયથી પણ ગાંધીવાદનું મૂલ્યાંકન કરવું જોઈએ. એવું લાગે છે કે ગાંધીજી પદ્ધતિ ગમે તે રીતે પણ સમાજવાદની પ્રસ્તુતી માટેના જ સરળ તબક્કા પૂરા પાડે છે.

નોંધનીય બાબત એ છે કે આ સ્થિતિ કે દૃષ્ટિ અપનાવવાની બાબતમાં અનુચિત અને ભૂલભરેલી છે કેમ કે મૂળભૂત મુદ્દાઓનો સામનો કરવાનું એ ટાળે છે અને ધાર્મિક, આધ્યાત્મિક અને નૈતિક સિધ્ધાંતો તરફ જોવાના અભિગમમાં મૂળભૂત રીતે પરિવર્તન કરવાની જરૂરિયાત પ્રત્યે લોકોનું ધ્યાન ખેંચવામાં નિષ્ફળ જાય છે. મૂળમાં એ પરિવર્તનથી જ છેવટે માનવસમાજના રાજકીય, સામાજિક અને આર્થિક માળખામાંના તમામ ફેરફારો ઉદ્દ્ભવ પામતા હોય છે. આ પ્રમાણે વિચારતાં, ગાંધીવાદ અને માર્કસવાદ એકબીજાથી, લીલો રંગ લાલ રંગથી જુદો પછે એવા જ જુદા કે ભિન્ન છે પરંતુ આપણે જાણીએ છીએ કે કલર બ્લાઈન્ડ માણસને લીલો અને લાલ રંગ એકસરખો જ દેખાતો હોય છે.

માર્કસવાદ અને ગાંધીવાદ વચ્ચેનો તફાવત જો ગાંધીવાદના અહિંસાના આગ્રહમાં જ સમાયેલો હોય અને કોંગ્રેસનું અગર તો

RRIJM 2015, All Rights Reserved

'ગાંધીવાદીઓ'નું અંતિમ લક્ષ્ય સમાજવાદી વ્યવસ્થા સ્થાપવાનું હોય તો વર્તમાન સમય લશ્કરી તંત્રની હિંસા વિના, એ લક્ષ્ય સાધવા માટેનો ખૂબ અનુકૂળ સમય છે, કેમ કે આજે સમગ્ર ભારતનું સરકારી તંત્ર એવા લોકોના હાથમાં છે જેઓ ગાંધીજીને 'રાષ્ટ્રના પિતા' ગણે છે અને સતત તેમના નામની પ્રાર્થના કરે છે અને તેમના વિચારો અને સિધ્ધાંતોનો જાહેર ભાષણોમાં પ્રશંસાપૂર્વક ઉલ્લેખ કરે છે. સામ્યવાદીઓને રોકવાનું અને તેમનો ઉપયોગ કરવાનું અને સામ્યવાદીઓ પોતાની સત્તા વખતે જે પરિવર્તનો લાવવાની અપેક્ષા રાખે છે એવાં પરિવર્તનો અમલમાં મૂકીને તેમની હોડીઓના સઢમાંથી પવન કાઢી નાખવાનું તેમના અધિકારમાં છે. લશ્કરી તંત્રની હિંસા દ્વારા ક્રાંતિ લાવવાનો સવાલ માત્ર ત્યારે જ ઊભો થાય છે જ્યારે રાજયતંત્ર સામ્યવાદી સિધ્ધાંતોમાં માનનારાઓના હાથમાં નથી હોતું અને બંધારણીય સાધનો દ્વારા સત્તા મેળવવામાં સામ્યવાદીઓ હતાશ થયા હોય છે. પરંતુ સરકાર પોતે જ જો સામ્યવાદની સ્થાપના કરવા વચનબધ્ધ હોય અને રજૂ થયેલી સમજૂતીઓ પ્રમાણે સામ્યવાદ ગાંધીવાદથી તફાવત દર્શાવવા લાયક ન હોય તો તે સરકાર અને સામ્યવાદીઓ હાથમાં હાથ પરોવીને કામ કરતા હોવા જોઈએ.

પણ જો સામ્યવાદીઓ સત્તામાં ન આવ્યા હોય અને સવાલ કેવળ વ્યક્તિગત જૂથબંધીના રાજકારણનો જ હોય તો લોકોએ સામ્યવાદીઓને કહી દેવું જોઈએ કે અમારે તમારી અને તમારી પદ્ધતિઓની કોઈ જરૂર નથી કેમ કે તમે જેની તરફેણ કે વકીલાત કરો છે તે અત્યાર સુધીમાં અમે સ્થાપિત કરી દીધું છે.પરંતુ આ પણ સંભવિત બનતું નથી. અને એનું કારણ એ છે કે ગાંધીજી અને માર્ક્સ વચ્ચેનો તફાવત, સરવાળા અને બાદબાકીવાળાં સાદાં સમીકરણોથી જેને વ્યક્ત કરવામાં આવે છે, તેના કરતાં વધારે ઊંડો છે.

**"જીવન (ચૈતન્ય) એક જ છે."Life Alone is.એકલું જીવન જ છે. (બીજું કશું નથી.)ચૈતન્ય (ચેતનતત્ત્વ) એકલું જ છે. (બીજું કશું નથી.)**

ગાંધીજી અને માર્ક્સ વચ્ચેનો મૂળભૂત તફાવત જીવન અને સૃષ્ટિ તરફ જોવાના જુદા જુદા અભિગમોમાં રહેલો છે. બાકીના બીજા તમામ તફાવતો જેવા કે ધાર્મિક, રાજકીય, સામાજિક અને આર્થિક પદ્ધતિઓ કે નિયમો કે હેતુઓ કે સાધનોને લગતા તફાવતો – એ મૂળભૂત પાયાના તફાવતમાંથી જ ઉદ્ભવ પામે છે અને એમાં ગાંધીજીનો અભિગમ ફક્ત માર્ક્સના અભિગમથી જ જુદો નથી પડતો પણ મૂડીવાદી અને યંત્રોદ્યોગવાદી સિધ્ધાંતવેત્તાઓના અભિગમથી પણ જુદો પડે છે. કેમ કે માર્ક્સવાદ અને મૂડીવાદ વચ્ચે બીજા ગમે તેટલા તફાવતો અને વિરોધો હોય છતાં તેમની વચ્ચે કેટલાક મહત્ત્વનવા સામાન્ય મુદ્દાઓ (કે હેતુઓ) પણ છે. દાખલા તરીકે એ બંને મૂડીભંડોળ અને જમીન ઉપર તથા ઉદ્યોગો અને ખેતી ઉપર વિસ્તૃત પ્રમાણમાં કેન્દ્રિય અંકુશ કે કેન્દ્રિય નિયંત્રણને સૌથી વધારે મહત્ત્વ આપે છે; બીજું એ બંને નાણાં આધારિત અર્થતંત્રમાં માને છે. એમની વચ્ચેનો ઝઘડો (કે તકરાર) એ બાબતમાં છે કે પ્રત્યેકવાદ આ બધાની ઉપર પોતાનો અંકુશ (પોતાની સત્તા) સ્થાપિત કરવા માગે છે અને પ્રત્યેકવાદ આ બધાનાં ફળોમાંથી પોતાનો મોટામાં મોટો હિસ્સો મેળવવાની ઉત્કટ ઇચ્છા ધરાવે છે.

જીવન અને સૃષ્ટિ તરફ જોવાના ગાંધીજીના માર્ગ અને માર્ક્સ તથા બીજાઓના માર્ગ વચ્ચેના તફાવતનું અંતર એક ચોક્કસ તબક્કે ઓછું લાગે છે પરંતુ આગળ વધતાં ઘણું વધી જતું જણાય છે. કોઈ વળી વ્યવહારિક હેતુની દષ્ટિએ એવો અનુભવ કરાવવા માગે છે કે ગાંધીજી અને માર્ક્સ વચ્ચેનો તફાવત અડધોડઝન અને છ વચ્ચેના તફાવત જેવો છે. ગાંધીજી અને માર્ક્સનાં લક્ષ્યો અને હેતુઓમાં જે દેખીતી સમાનતાઓ છે એ જ "ગાંધીવાદ એટલે હિંસા વર્જિત માર્ક્સવાદ" જેવાં સૂત્રો રચી કાઢવા માટેનું કારણ બને છે. પરંતુ આ સમાનતાઓ ફક્ત આર્થિક વ્યવસ્થાનાં કેટલાંક લક્ષ્યો પૂરતી જ મર્યાદિત છે. તમે તેમનો વિગતવાર અભ્યાસ કરવા આગળ વધો છે તેવા જ તેમની વચ્ચેના તફાવતો સ્પષ્ટ થવા લાગે છે.

**બંને વચ્ચે સમાનતા – માનવતાવાદ**

ગાંધીજી અને માર્ક્સ વચ્ચેનો એક, સમાન મુદ્દો – આ બંને ચિંતકો માનવજાતિના સાધનવિહીન અને અજ્ઞાની, મૂંગા અને ભૂખે મરતા, દબાયેલા અને પીડિત સમુદાયો માટે અતિશય ફિકર અને કાળદી દાખવે છે – તે છે. આ સમુદાયો પૃથ્વી ઉપરના માનવકુટુંબનો મોટો હિસ્સો છે. આ સમુદાયોની સ્થિતિ એવા જગતમાં દુઃખી અને કંગાળ છે જે જગત પ્રત્યેક માણસને ભરપૂર સુખ પુરું પાડવા પુરેપુરું સમૃધ્ધ અને શક્તિશાળી છે. તદુપરાંત આ સમુદાયો ક્રમાનુસાર ઉદ્ભવેલી એવી સંસ્કૃતિઓમાંથી દુઃખી અને કંગાળ છે જે સંસ્કૃતિઓએ વખતોવખત કળાઓ, સાહિત્ય, વિજ્ઞાનો, ઉદ્યોગો વિકસાવ્યાં છે, સુવ્યવસ્થિત સરકારો, પ્રભાવશાળી માનવસંસ્થાઓ, શહેરો અને મકાનો રચ્યાં છે, કુદરતનાં રહસ્યોમાં ઊંડા ઊતરીને અચરજ પમાડનારી શોધખોળો કરી છે અને એશઆરામ તથા મોજશોખની એવી સુખસખવડો અને વસ્તુઓ પેદા કરી છે કે જે ફક્ત પરીઓના દેશમાં જ ઉપલબ્ધ હોવાનું મનાતું હતું.

ગાંધીજીએ આ સંદર્ભે કહ્યું છે કે, "કોઈનેય, સમાજના અન્ય વર્ગો અને આમજનતા વચ્ચેના, રાજકુમાર અને રંક વચ્ચેના ઊડીને આંખે વળગે એવા તફાવતોને, એમ કહીને વાજબી સાબિત કરવાનો પ્રયત્ન ન કરવા દઈએ કે આગલા વર્ગને પાછલા વર્ગ કરતાં વધારે જરૂરિયાત હોય છે. એ મારી ગંભીર ચર્ચાનો મિથ્યા તર્ક અને

RRIJM 2015, All Rights Reserved 

ઉપહાસ બની રહેશે.'' તેમણે આગળ કહ્યું છે કે, ''ધનિક અને ગરીબ વચ્ચેનો ફરજ આજના સમયનું એક પીડાકારક દશ્ય છે. પરદેશી સરકાર દ્વારા અને તેમના દેશ બાંધવો. જેવા-શહેરવાસીઓ દ્વારા પણ ગ્રામવાસી ગરીબોનું પોષણ કરવામાં આવે છે. તેઓ અન્ન ઉત્પન્ન કરે છે અને પોતે જ ભૂખ્યા રહે છે, તેઓ દૂધ ઉત્પન્ન કરે છે અને તેમનાં જ બાળકો દૂધથી વંચિત રહે છે. આ દુઃખદ અને શરમજનક છે. દરેક જણને સમતોલ આહાર મળવો જોઈએ અને દરેક જણને રહેવા માટે સુંદર ઘર, તેનાં બાળકોના શિક્ષણની સુવિધાઓ અને પૂરતી દાક્તરી સુવિધાઓ – રાહતો પ્રાપ્ત થતાં જોઈએ.'' ('ગાંધીજીઝ કોમ્યુનિઝમ' – હરિજન, ૩૧-૩-૪૬)....

ગાંધીજી અને માર્ક્સ બંને, આ ગરીબ સમુદાયોને કુદરતે આપેલી બક્ષિસોમાં અને માનવશ્રમ તથા માનવબુધ્ધિનાં ફળોમાં સહભાગી બનાવે એવી સમાજવ્યવસ્થા સ્થાપવા ઈચ્છે છે. પરંતું ગાંધીજી આ લક્ષ્યને પાર પાડવા માટે સત્ય અને અહિંસાના માર્ગને વળગી રહેવા ઉપર ભાર મૂકે છે. જ્યારે માર્ક્સ, એ લક્ષ્ય શક્ય એટલી ઝડપથી સિધ્ધ કરવા માટેનાં સાધનો જો પૂરતાં કાર્યક્ષમ જણાતાં હોય તો એ સાધનોની શુધ્ધિ કે ગુણધર્મોની ચિંતા કરતો નથી, (કેટલાક માને છે કે માર્ક્સને માર્ક્સવાદીઓથી અલગ પાડીને વિચારવો જોઈએ. લુઈસ ફીશર કહે છે કે : 'સામ્યવાદીઓએ તેમના હેતુને બંધ બેસતા થવાનું શીખવવામાં માર્ક્સવાદીઓને ભ્રષ્ટ કર્યા છે. ગાંધીજી કહે છે કે : 'લેનિન વિશે શું ?'' ફીશર કહે છે કે : ''લેનિને તે શરૂ કર્યું. સ્ટાલિને ત્યારથી તેને પૂર્ણ કર્યું છે.'' ('આફટર ફોર ઈયર્સ' – ઈન 'હરિજન', ૪-૮-૪૬).

માર્ક્સવાદીઓના મત મુજબ ગાંધીવાદ, સામ્યવાદની સાથે અસંગત છે, સામ્યવાદનો વિરોધી છે. ગાંધીવાદ સામ્યવાદની સાથે સરખામણીલાયક પણ નથી, કારણ કે તે અહિંસા ઉપર ભાર મૂકે છે, જે વિકાસનો એક દૂરનો તબક્કો છે; અને કારણ કે તે ઈશ્વર અને ધર્મમાંની અક્કલ વગરની શ્રધ્ધાને કબૂલ (માન્ય) કરે છે, જે જાગીરદારશાહી અને મૂડીવાદી વ્યવસ્થાઓના રક્ષણની ઢાલ છે.

માર્ક્સવાદી વિચારસરણી મુજબ સત્ય આ છે : ''જ્યાં સુધી શાસનતંત્રનો છેવટનો (આખરી કે મૂળભૂત) અધિકૃત હક્ક બળપ્રયોગ – (બળજબરી, જુલમ) છે ત્યાં સુધી ક્રાંતિ પણ નહીં શકે કે સરકાર પણ નહીં બની શકે, તેથી બળપ્રયોગનો આશ્રય લીધા વિના (જે બળપ્રયોગે હિંસાનું સ્વરૂપ પણ લીધેલું હોઈ શકે છે); અને ક્રાંતિ તેમજ રાજયની સત્તાનો આશ્રય લીધા વિના, સામ્યવાદની સ્થાપના કરી શકાશે નહીં. તેથી સામ્યવાદને, હિંસક ક્રાંતિ દ્વારા શ્રમિક વર્ગના સરમુખત્યારશાહી રાજયની સ્થાપના કરવા વડે જ લાવવાનો રહેશે ''

**સામાજિક વર્ગોનો ઉદય અને અસ્ત**

ગાંધીજી અને માર્ક્સનાં તત્ત્વચિંતનો વચ્ચેનો તફાવત તેમના રાજકીય અને આર્થિક વિચારોમાં પ્રગટ થાય છે. કાર્લ માર્ક્સ, (૧) વર્ગ-વિગ્રહ અને શ્રમિક વર્ગની સરમુખત્યારશાહી દ્વારા તેનો અંત (૨) જમીન, ખાણો અને ધનસંપત્તિના અન્ય ભૌતિક સ્રોતોના માલિકહકને ઝૂંટવી લેવા (સ્વામિત્વહરણ) (૩) મૂડીવાની રાજ્યસત્તા (૪) ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ અને (૫) જીવનની રહેણીકરણી અને શ્રમનાં વ્યવસ્થિત જૂથો (પલટનો) પાડવા – એ વિચારસરણીઓને ધ્યાનપાત્ર બનાવે છે. આની સામે (આનાથી વિરુધ્ધમાં હોય એમ) ગાંધીજીની વિચારસરણીઓ (થિઅરીઝ) (૧) વર્ણ-ધર્મ (અગર તો સામાજિક વર્ગોનાં કર્તવ્યો – કે – ફરજો પાળવાં (કે બજાવવાં) (૨) સત્યાગ્રહ અને મધ્યસ્થતા (લવાદી- પંચાયત – અને તેના દ્વારા નિર્ણયો – ચૂકાદા કે ફેસલા કરવા (૩) વિકેન્દ્રીકરણ (૪) ટ્રસ્ટીશીપ (૫) સમાજ જીવનમાં શક્ય તેટલી વધારે વ્યક્તિગત મુક્તિ – સ્વાતંત્ર્ય- સ્વાધિનતા અને લોકશાહી – શાસનતંત્રવાળી સમાજ રચના – એટલી છે.

માર્ક્સની વર્ગ-વિગ્રહની વિચારસરણીનું કાળજીપૂર્વક પરીક્ષણ કરવામાં આવે તો જોવા મળશે કે ગાંધીજી જેની ઉપર ભાર મૂકે છે એ નૈતિક અને માનસિક પરિવર્તન વ્યવહારજીવનમાં સ્થાન નહીં પામે ત્યાં સુધી વર્ગ-વિગ્રહનો અંત લાવવાનો માર્ક્સે સૂચવેલો ઉકેલ, અને વર્ગવિહીન સમાજરચના સ્થાપિત કરવાના તેના લક્ષ્યને સિધ્ધ કરવામાં નિષ્ફળ જશે. કેમ કે એ તો એક રાજાને ખૂન કહીને મારી નાખવો અગર તો તેને રાજગાદી પરથી ઉથલાવી પાડવો અને ખૂન કરનાર હત્યારાનો પ્રમુખના અધિકાર હેઠળ તેના સ્થાનમાં મૂકવો (સ્થાપિત કરવો) અને આ પરિવર્તનને ''ક્રાંતિ'' કહેવી એના જેવું છે. છેવટે આનું ચોખ્ખું પરિણામ સત્તા ચલાવનારા હાથ-હાથો બદલવા કરતાં જરાય વધારે નહીં હોય. શરૂઆતમાં જીવનપદ્ધતિ અને વ્યવસ્થાક્રમમાં થોડાક ફેરફારો અને સુધારાઓ આવી શકે છે પરંતુ ટૂંકા સમયગાળા પછી એવું જોવા મળશે કે માનવસંબંધોમાં કોઈ કાયમી અને વાસ્તવિક ફેરફાર થયો જ નથી, સિવાય કે લોકોના નૈતિક ચારિત્ર્યમાં જે સર્વસાધારણ ઉત્કર્ષ થતો રહેતો હોય છે એટલા પ્રમાણ સુધીનો ફેરફાર થયો હોત. નવો શાસક અને તેના અમીર- ઉમેરાવાનો વિશેષાધિકારી વર્ગ, અધિકારીઓનો નવો સ્ટાફ, માનીતાઓ અને પોતાનાઓનો નવો સમૂહ, અને મધ્યમવર્ગનો એક નવો વિભાગ – એ જ વ્યવસ્થા – જૂના વ્યવસ્થા - ક્રમને બદલીને તેને સ્થાને ગોઠવાશે. આ પ્રકારની 'ક્રાંતિ' નો અગાઉ જેવા અરસપરસ સંબંધો હતા તેવા જ, એક બાજુથી શાસકવર્ગ અધિકારીઓ વચ્ચેના અરસપરસ સંબંધો અને બીજી બાજુથી એ બધા અને સખત પરિશ્રમ

RRIJM 2015, All Rights Reserved 

કરનારા સમુદાયો વચ્ચેના અરસપરસ સંબંધો, ઘણું કરીને એક સરખા – તેવા જ બની રહેશે.

ગાંધીજીના તમામ સામાજિક અને આર્થિક વિચારો અને કાર્યક્રમો 'તેમની અહિંસામાંથી ઉદ્‌ભવ પામ્યા છે.' તેમનાં વર્ણ-ધર્મ અને ટ્રસ્ટીશીપ (વાલીપણા)ના સિધ્ધાંતો પણ આમાં અપવાદરૂપ નથી. તેમની દષ્ટિએ વ્યક્તિ અગર તો સમાજ અગર તો એ બાબતમાં, માનવી ન હોય એવી સૃષ્ટિ પણ, રાચ-રચીલા કે મશીનના ઘટક ભાગ ના જેવો ની માફક કેવળ ભૌતિક પદાર્થ નહોતો કે જેને સર્જી શકાયો હોત. જેનામાં ફેરફાર કરી શકાયો હોત, જેનો નાશ કરી શકાયો હોત કે પછી જેનો માનવ કલ્પિત હેતુને માટે સ્વેચ્છાપૂર્વક કોઈપણ ‸પયોગ સારુ ગોઠવી દઈ શકાયો હોત. વ્યક્તિના પોતાના કલ્યાણ (સુખાકારી) ને, સમાજના તમામ માણસોના સૌથી વધારે મહત્વશીલ હેતુ તરીકે આદર આપવો જોઈએ અને કોઈ આદર્શવાદી હેતુ કે આશયને માટે જો કોઈની કાયદેસર ભૌતિક માલમત્તાનો ભોગ આપવાની માંગ ઊભી થઈ હોય તો એ ન્યોછાવરી સ્વૈચ્છિક હોવી જોઈ. તેમણે આ વિચારસરણી (થિઅરી) ને સંમતિ નથઈ આપી કે - ઘણા લોકોના લાભને માટે થોડાક લોકોની માલમતાનો, તેમજ ભવિષ્યની પેઢીઓને લાભ આપી શકાય તેને માટે વર્તમાન પેઢીની માલમત્તાનો, સત્તાના માલિક બનેલા માણસો દ્વારા ભોગ લઈ શકાય.

કિશોરલાલ મશરૂવાલાના મત અનુસાર, ગાંધીજીએ 'વર્ગ-વિગ્રહ'ની અગર તો તેમના આદર્શ તરીકે 'વર્ગવિહીન સમાજ' ની સ્થાપનાને આગળ ધરવાની વાત, ક્યારેય નથી કરી. એમણે જ્ઞાતિઓની નાબૂદીની વાત, જેટલી માત્રામાં આ જ્ઞાતિઓ આંતરજ્ઞાતિય-સહભોજન, આંતરજ્ઞાતિય લગ્ન અને અરસપરસ સામાજિક વ્યવહારમાં નડતરરૂપ બનતી હોય એટલી માત્રા સુધી કરી છે, તેમજ જ્ઞાતિપ્રથામાં ઊંચ-નીચના ભેદભાવને દૂર કરવાની, તેમજ અનેક ધંધા-વ્યવસાયોમાંની આવકોમાંના તફાવતોને દૂર કરવાની તેમજ એક જ ઉદ્યોગધંધામાં કે સામાજિક સંસ્થામાં જુદા-જુદા પ્રકારોનું કામ કરતા માણસોની આવકોમાંના તફાવતોને દૂર કરવાની વાત કરી છે. પરંતુ કામગીરીલક્ષી વિભાગોના અર્થમાં સામાજિક વર્ગોની હયાતી એ તો કોઈપણ સમાજનું બલકે સૌથી વધારે પ્રાચીન સમાજનું પણ કાયમી ઘટક કે લક્ષણ છે, અને ગાંધીજીએ આ વર્ગોના સંઘર્ષ જન્માવતા હિતસંબંધોનો ઉકેલ વર્ણ-ધર્મ અને ટ્રસ્ટીશીપના બે સિધ્ધાંતોમાં સૂચવ્યો છે. જો આ બે સિધ્ધાંતોને એકસાથે પ્રામાણિક-પણે અનુસરવામાં આવે તો સમાજમાં સુમેળ-સંવાદિતાને જાળવી શકાય અને સંઘર્ષો જેવા ઊભા થાય કે તરત જ તેમના નિરાકરણો લાવવા માટેના અહિંસક ઉપાયોની જોગવાઈ કરી શકાય. જેટલા લાંબા સમય સુધી માણસ અપૂર્ણ વ્યક્તિ રહે છે તેટલા લાંબા સમય સુધી કોઈપણ માણસ સંઘર્ષની સર્વથા ગેરહાજરીની સ્થિતિ કદી પણ કલ્પી શકતો નથી. જે જરૂરી છે તે સંઘર્ષોનું નિરાકરણ લાવવાની તાલીમ અને ટેકનીક છે. સંઘર્ષોનું નિરાકરણ એવી રીતે લાવવું જોઈએ કે જે રીત વ્યક્તિઓ, વર્ગો અને તેમની સાથે સંબંધિત સમાજને ફાયદાકારક નીવડે. વર્ણ-ધર્મનો સિધ્ધાન્ત શું છે? તેના ધર્મશાસ્ત્રલક્ષી અને ધાર્મિક ક્રિયા સંબંધી પોશાકને દૂર કરવામાં આવે તો તેનું નીચે દર્શાવ્યા પ્રમાણે વર્ણન કરી શકાય.

લોકો, સામાન્ય રીતે, તેમના બાપ-દાદાઓના પરંપરાગત ધંધા-વ્યવસાયોનવે અનુસરતા હોય છે – જે ધંધા-વ્યવસાયો બાપની પાસેથી પુત્ર સુધી વારસામાં ઊતરી આવે છે. સામાજિક જીવનની સ્થિરતા માટે, બાળક (સંતાન) ની તાલીમને માટે અને ધંધાના પોતાના ટેકનીકલ વિકાસને માટે આ બાબત સારી-કલ્યાણકારી – ફાયદાકારક છે. દરેક ધંધાની કમાણી અને પ્રતિષ્ઠા જો સરખી હોત અગર તો લગભગ સરખા જેવી પણ હોત તો, માણસ પોતાના વંશપરંપરાગત ધંધા કરતાં બીજા ધંધા પ્રત્યે માત્ર અપવાદરૂપ કિસ્સાઓમાં જ આકર્ષાયો હોત. દાખલા તરીકે, માણસ જો ઘણી નાની ઉંમરથી બીજા વ્યવસાયના વાતાવરણમાં ઉછેર પામ્યો હોત તો જ આ સંભવિત બન્યુ હોત. ધંધાલક્ષી કૌશલ્ય (કે આવડત) વારસામાં મળેલી બક્ષિસ છે એવી પ્રચલિત માન્યતા વૈજ્ઞાનિક રીતે સ્થાપિત થયેલી છે એવું ન સ્વીકારવામાં આવે તો પણ કોઈએ એ વાતમાં શંકા કરવાની જરૂર નથી કે આખી જિંદગી સુધી એક પેઢીથી બીજી પેઢી સુધી એક જ ધંધો કરવાની પ્રવૃત્તિ દરમિયાન વિકાસ પામેલ રોગનિદાનલક્ષી (પેથોલોજિકલ) ફેરફારો વારસાગત – કે વારસામાં ઊતરી આવવાનું વલણ ધરાવતા હોય છે. તેથી આ બાબત, ઘરમાં સંતાનને મળતા વ્યવસાયલક્ષી વાતાવરણની સાથે જોડાઈને, એ સંતાનને, તદ્દન જુદા વ્યવસાય કરતાં, વંશ-વારસાગત વ્યવસાયનું અનુસરણ કરવા માટે વધારે યોગ્ય – કે બંધબેસતુ બનાવે છે. આ કારણે સમાજ જીવનનો સાધારણ ફાયદો એ હોવા જોઈએ કે માણસે, એક ફરજની બાબત તરીકે, તેની આજીવિકાને માટે, તેના બાપ-દાદાઓનો ધંધો અગર તો વંશવારસાગત વ્યવસાયમાંથી વિકાસ પામેલો ધંધો કરવો જોઈએ. ધરમૂળથી ફેરફાર કરીને જુદા વ્યવસાયમાં ઝંપલાવવાનું ઈચ્છાજોગ નથી. જો આ જીવનસૂત્ર સ્થિર-કે-નક્કી કરવામાં આવ્યું હોત કે માણસે તેના પિતા જે હતા તેવું બનવું જોઈએ, તો જ્યાં સુધી જીવનનિર્વાહ માટેના ધંધાની પ્રવૃત્તિને સંબંધ છે ત્યાં સુધી, આપણે વર્તમાન જમાના તરફ દિલગીરીની દષ્ટિએ ન જોતા હોત, કારણ કે વર્તમાન જમાનામાં, ડબલ ગ્રેજ્યુએટ થયા પછી પણ માણસ, એ નથી જાણતો કે તેના જીવનનિર્વાહ માટે કમાણી કરવા, તેણે કયા વ્યવસાયની પ્રવૃત્તિ કરવી જોઈએ. જ્યારે સ્થિર કે નક્કી

કરવામાં આવેલા જીવનસૂત્ર કે નિયમની યોજનામાં, ઘણી નાની ઉંમરથી મળતી ધંધા સંબંધિત તાલીમ હેતુપૂર્ણ બની હોત.

ગાંધીજી કહે છે કે, "વર્ણનો અર્થ, માની ન શકાય એવો સીધો સાધે છે. તે, આપણા બાપદાદાઓના વંશવારસાગત અને પરંપરાગત વ્યવસાયને, આપણા બધાના અંગત હિતને માટે, અનુસરવાનો અર્થ જ કેવળ વ્યક્ત કરે છે. પરંતુ પરંપરાગત વ્યવસાયને ત્યાં સુધી જ અનુસરવાનો છે જ્યાં સુધી તે પાયાની મૂળભૂત વ્યવહારનીતિની સાથે અસંગત કે વિસંગત ન હોય અને પરંપરાગત વ્યવસાયનું આ અનુસરણ માણસની આજીવિકા કમાવાના હેતુને માટે જ ફક્ત કરવાનું છે." (યંગ ઈન્ડિયા, ૨૦-૧૦-૨૭)

કાર્લ માર્કસે તેમના વખતમાં, જ્યારે મૂડીવાદના ઉદય-ઉદ્ભવનો અભ્યાસ કર્યો હતો ત્યારે તેમણે મૂડીવાદના એ પાયાના સિધ્ધાન્તનું સાચી રીતે નિદાન કર્યું હતું કે તમારા ઉત્પાદનો અને વેપાર-વાણિજયનો હેતુ કે ઉદ્દેશ નફો મેળવવાનો હોય છે અને આ ઉદ્દેશ કે હેતુ કામદાર વર્ગોના શ્રમને વધુ ને વધુ પચાવી પાડવામાં આવે એવી સ્થિતિ તરફ લઈ જશે. તેમણે ચર્ચા-વિચારણા કરી હતી કે અસમાનતાઓ વાળા જગતમાં, મુક્ત હરીફાઈ નિરંતર વધારે મોટી ઈજારાશાહીઓ (ઈજારાશાહી એટલે એક જણ બધુ કબજે કરે - ભોગવે અને બીજાને કશું લેવા ન દે એવી વ્યવસ્થા) નું નિર્માણ કરશે અને એને પરિણામે — જુદા જુદા દેશોમાંના ઉદ્યોગપતિઓ પોતાના ઘરે બેઠાં મૂડી ભેગી કર્યા કરવા પછી ત્રીજા જગતના વસાહતીકરણને વધારે ઉત્કટ — વૃધ્ધિમાન બનાવશે - તદનુસાર આજે વસાહતો કે સંસ્થાનો ના વસાહતીઓ અને સામ્રાજ્યોના સામ્રાજ્યવાદીઓની વચ્ચેનાં યુધ્ધાં ગોઠવાઈ રહ્યાં — શરૂ થી રહ્યાં — હોવાનું જોવામાં આવે છે. માર્કસ દ્વારા કરવામાં આવેલી આ અને બીજી ભવિષ્યવાણીઓ — જેવી કે અવારનવાર ઊભી થતી આર્થિક-નાણાંકીય કટોકટીઓ — તેના પછીના અનુગામી બનાવો વડે ખરી સાબિત થઈ હતી.

યંગ હેગલવાદી ફિલોસોફર, કાર્લ માર્કસ, કે જે સમાનતા માટેની તીવ્ર ભાવનાથી દાઝતો હતો તેણે તેના સાથીદાર ફ્રેડરિક એન્જલ્સના પુસ્તક "કન્ડીશન્સ ઓફ ધ વર્કીંગ ક્લાસીઝ ઈન ઈંગ્લેન્ડ" (ઇંગ્લેંડમાં કામદાર વર્ગોની પરિસ્થિતિ) ઉપર મુખ્યત્વે વિગતવાર હકીકત અને યોજના તૈયાર કરી હતી. તેનો પ્રારંભિક મુદ્દો જ શોષણ વિશેનો હતો જે આ અભ્યાસમાં વર્ણવવામાં આવ્યો હતો. બીજી તરફ, ગાંધીજી સમાજમાં સામાન્ય થઈ ગયેલી અને ફેલાયેલી હિંસાથી આઘાત પામેલા હતા. તેમને હિંસા તરફ અત્યંત ધિક્કાર ઉપજ્યો હતો અને હિંસાનો તિરસ્કાર કર્યો હતો. કારણ કે, તેમણે માનવજીવન સહિત તમામ જીવનને ઈશ્વરની ઉમદામાં ઉમદા દિવ્ય બક્ષિસ માની હતી અને તેનો કોઈપણ રીતે થતો નાશ તેમને ત્રાસદાયક અને ધૃણાજનક લાગ્યો હતો જેથી તેમને કમકમાટી ઉપજી હતી અને તેની સામે તેમણે બંડ પોકાર્યું હતું. તેમણે હિંસાનું મૂળ (સ્રોત-ઉદ્ભવ સ્થાન) શોધી કાઢવાનો પ્રયત્ન કર્યો હતો અને તેઓ સમજ્યા હતા કે માણસની વધારે ભૌતિક ચીજવસ્તુઓ મેળવવાની લાલસા કે ઈચ્છા જ તેને બીજા માનવીઓ ઉપર પીડા ઊભી કરવા તરફ લઈ જતી હોય છે. તેમણે શોધી કાઢયું હતું કે માણસની આ ભૌતિક ચીજ-વસ્તુઓ માટેની લાલસા, તેની ઉભોક્તાવાદી ઈચ્છાઓની આગળ કુદરતને ગૌણ કે ઊતરતા દરજ્જાની ગણીને તેને પોતાના તાબામાં લાવતો કે રાખતો બનાવે છે. માનવજાત અને અન્ય સજીવોના ઉપયોગને માટે કુદરતે તો પર્યાપ્ત બક્ષિસો પૂરી પાડેલી જ હતી એ વાત ઉપર મહત્ત્વપૂર્ણ ભાર મૂકતી વખતે તેમણે પેલી જાણીતી કહેવત કહી છે કે "દરેક માણસની જરૂરિયાત સંતોષવા માટે તો પૂરતું હતું જ પણ કોઈ માણસના લોભને સંતોષવા માટે પૂરતું નહોતું."

હિંસા ઉપરથી શોષણ ઉપર વળતાં ગાંધીજીએ આ આખી-સંપૂર્ણ વ્યવસ્થા પદ્ધતિના મૂળભૂત રૂપાંતરણની તીવ્ર ઈચ્છા રાખી હતી. શોષણને પરિણામ સ્વરૂપે આર્થિક અને સામાજિક અસમાનતાઓ કે તફાવતો જન્મતા હોય છે જે ગરીબ અને નબળા વર્ગ ઉપર શક્તિશાળી અને સમૃધ્ધ વર્ગના પ્રભુત્વ કે વર્ચસ્વ તરફ લઈ જાય છે તેમજ સમાજના એક વિભાગને હાનિ-નુકશાન કે વંચિતપણાને લીધે અને સમાજના બીજા વિભાગને તેની સંતોષી ન શકાય તેવી લાલસા-લોભને લીધે અવનતિ-ક્ષય-સડા તરફ લઈ જાય છે. આ કારણથી શોષણ હોય એવી આખી-સમગ્ર વ્યવસ્થા પદ્ધતિના મૂળગામી રૂપાંતરણની ગાંધીજીએ તીવ્ર ઈચ્છા રાખી હતી. ગાંધીએ કહ્યું હતું કે દરેક માણસને તેની - ખોરાક, કપડાં, માંદગી સામે સલામતી, જ્ઞાનમાં પ્રગતિ અને વિનોદ-મનોરંજન-આરામ- જેવી તમામ જરૂરિયાતો સંતોષવાનો પૂરેપૂરો હક્ક છે. જે ટેકનોલોજીએ આ ધ્યેય પાર પાડ્યો હતો કે આ લક્ષ્ય સિધ્ધ કર્યું હતુ તેવી સૌથી વધારે સુધારણા પામેલી ટેકનોલોજીની તેમણે હિમાયત કરી હતી. જો કે, તેમ છતાં કોઈને પણ તેને જેટલાની જરૂર હોય તેના કરતાં (તેની જરૂરિયાત કરતાં) વધારે ભેગું કરવું જોઈએ એ બાબતની તેમણે તરફેણ નહોતી કરી. ખરું જુઓ તો, એ બાબતને તેમણે ચોરી કહી હતી. તેમણે એવી ટેકનોલોજીનો સ્વીકાર પણ નહોતો કર્યો કે જે ટેકનોલોજી એવી પરિસ્થિતિ ઉભી કરે કે જેમાં એક માણસ બીજા માણસોને ગુલામ બનાવી શકે કે બીજા માણસો ઉપર વર્ચસ્વ કે પ્રભુત્વ ધરાવી શકે. તેમણે ગરીબીને ખાતર ગરીબીની કે બલિદાનને ખાતર બલિદાનની મહત્તા પણ નહોતી કરી. જો કે તેમ છતાં, જો કેટલાક લોકોએ બીજા માનવીઓની સેવા કરવાને માટે સાદા (ગરીબ જેવા)

RRIJM 2015, All Rights Reserved

જીવનની તપશ્ચર્યા અપનાવી હતી તો એ બીજી કે જુદી બાબત હતી, તેમ તેઓ માને છે.

આમ, ગાંધી અને માર્ક્સ, બંને ઘણા વિચારો અને મંતવ્યોથી ભિન્ન હોવા છતા, સામાજિક વ્યવસ્થા પ્રત્યેની ચિંતા અને માનવોનું હિત કરવાની તીવ્ર અપેક્ષાના સંદર્ભે એકમત હોવાથી, માનવતાવાદી અભિગમ અંગે બંને વચ્ચે સમાનતા જોવા મળે છે.

**સંદર્ભગ્રંથ સૂચિ :**


૧. પારેખ નગીનદાસ, (૧૯૮૭), ગાંધીજી : કેટલાક સ્વાધ્યાય લેખો, એસ.એન.ડી.ટી. મહિલા યુનિવર્સિટી, મુંબઇ.
૨. જાની ગુલાબભાઇ, અખંડાનંદ, ભિક્ષુ અખંડાનંદ ટ્રસ્ટ, જાન્યુઆરી, ૨૦૦૯.
૩. બડવે રઘુનાથ અને ગાંધી દામુભાઇ, (૧૯૬૩), સામાજિક અને રાજકીય તત્ત્વજ્ઞાન, અનડા બુક ડીપો, અમદાવાદ.
૪. મશરુવાલા કિશોરલાલ, (૧૯૬૪), ગાંધીજી અને સામ્યવાદ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.
૫. મહાત્મા ગાંધીજી, (૧૯૩૦), મંગળ પ્રભાત, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.
૬. મહાત્મા ગાંધીજી, (૧૯૫૯), રચનાત્મક કાર્યક્રમ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.
૭. દેસાઇ એમ.એમ., (૧૯૭૪), રાજકીય તત્ત્વજ્ઞાન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
૮. Karl Marx, (1935), AHandbook of Marxism, Victor Gallances Ltd., London.
૯. Lancaster Lane W., (1959), Masters of Political Thought, george G. Harrap and Co. Ltd., London.